ખોજા સીયા ઈમામે

ઇસમાઈલીઓને

ભેટ.

ત્રીવેણી અને હજ.

મુંબઈ.

ડીસેમ્બર સને ૧૯૦૯.

માગશર સંવત ૧૯૬૬.

અમદાવાદ.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ

હરીલાલે છાપ્યું, પાંચકૂવા નવાદરવાજા.

પ્રસ્તાવના.

કેળવણીના શુભ પ્રભાવથી સાહિત્યનો શોખ દીવસે દીવસે વૃદ્ધિ પામતો જાય છે અને તેના લીધે, હાલમાં આપણી ખોજા શીઆ ઈમામે ઇસમાઇલી કોમમાં કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે, "ઈસમાઈલી સીતારો" માસીક પણ લગભગ દોઢ વરસ થયાં પ્રગટ થાય છે, અને એક વર્તમાન પત્ર પણ પ્રગટ કરવાની તૈયારી ચાલી રહી છે. ઉત્સાહ અને જાગૃતિ ફેલાઇ છે. પરંતુ વિદ્વાન લેખકોની કલમથી લખેલા ગ્રંથોએ કરીને જનમંડળમાં જે અસર થાય છે તે બીજી રીતે થતી નથી એ સર્વમાન્ય છે, પણ વાંચકવૃંદ તરફથી તેને યોગ્ય ઉત્તેજન મળે તોજ તે બની શકે છે. ઉત્તેજન આપવાના અર્થેજ "ઇસમાઇલી સતારો" ના ચાલતા બીજા વરસના પેહલા ત્રણ અંકોમાં "ત્રીવેણી અને હજ" એ નામનો વિષય (લેખક મી. અબદુલ રસુલ તાબલ ગુવાદર) પ્રગટ

થયો છે, એ વિષયની ચોપડી અમારા ઇસમાઇલી બંધુ-
ઓને ભેટ આપીએ છઇએ.

આ ચોપડી ભેટ આપવાના મુખ્ય હેતુઓ નીચે
વર્ણવ્યા છે.

૧. આપણા ધર્મમાં જે ખુબીઓ સમાએલી છે, તે ખુ-
બીઓને વિદ્વાનવર્ગ ઉત્તેજન મેળવી પ્રગટ કરે.

૨. આપણી કોમમાં હાલમાં જે સાહીત્ય ફેલાવવાની
શુભ કોશેશ કરવામાં આવે છે. (પણ બીજી તરફ તેની
મોંઘી કિંમત રાખી તેને ગુંગળાવવામાં આવે છે.) તેઓ
ઉત્તેજન મેળવી સસ્તુ સાહીત્ય ફેલાવે.

૩. બીજાઓના ધર્મ તરફ માનની નજરે જોવું. પીરે
ગીનાનમાં ફરમાવ્યું છે. "આશાજી હીંદુ મુસલમાન શાહ
જીના જીવડા કેની ભ્રાંત મ કહાડો," અને બીજાના ધર્મ-
ઉપર અયોગ્ય હુમલા કરવાથી દુર રહેવું. પરંતુ કલમના
બલે (સાહીત્ય) આપણા ધર્મની ખુબીઓ સિદ્ધ કરવી.

કોઇ પણ કામ પેહલી વખત હાથ ધરવા અગાઉ
ઘણો વિચાર કરવો પડે છે, અને ખાસ કરીને શરૂઆતમાં
તેમાં કોઇ ખામીઓ રહી તો બીજાઓ પોતાની હાંસી ક-

રશે. એવો વસવસો નવો સાહસ ઉઠાવનારાઓના મનમાં રહ્યા કરે છે. પરંતુ ઉપલા હેતુઓ તરફ વિદ્વાનવર્ગ લક્ષ આપી આપણા ધર્મમાં જે ખુબીઓ સમાએલી છે તે પોતાની કલમના બલવડે વધારે પ્રમાણમાં ફેલાવ કરશે તો મારો આ પ્રયાસ ફલીભુત થયેલો સમજીશ.

"સત્ય."

ત્રીવેણી અને હજ.

ત્રીવેણીનો અર્થ ગંગા, જમના, સરસ્વતી.

હજનો અર્થ મક્કામાં કાબતુલ્લા યાને ખુદાનો મકાન.

હીંદુ લોકોના ધર્મની અંદર અડસઠ તીરથમાંથી ત્રીવેણીનું તીરથ ઘણું માનીતું છે. તેથી હીંદુવર્ગ ઘણા દુર દેશાવરથી ઘણી મેહેનત તથા જેહમત ખેંચીને ત્રીવેણીનું તીરથ કરવાવાસ્તે જાય છે.

એવી મહાન્ મુસાફરીમાં જાત્રાળુલોકમાં કેટલાક હીંદુ બેહાલ થાય છે. એટલે ભુખ, પ્યાસ, સરદી, ગરમી, વગેરેથી હેરાન થવા ઉપરાંત મુસાફરીની મોટી મોટી મજલ ચાલવાની મેહનતથી ઘણા પરેશાન તથા હેરાન થાય છે. બલકે કેટલાક મુસાફરનો એવી સખત મેહેનતથી પ્રાણ પણ નીકળી જાય છે. તોપણ હીંદુકોમ ત્રીવેણીની જાત્રા કરવા વાસ્તે પોતાના દીલમાં એશક રાખે છે; કારણ એ છે જે હીંદુ લોક પોતાના ધર્મશાસ્ત્ર પ્રમાણે

ત્રીવેણીની જાત્રાનું મકસુદ એવી રીતે સમજે છે કે, જ્યારે ત્રીવેણી એટલે ત્રણ નદીનું પાણી એક ઠેકણે ભેગું થાય છે, ત્યારે હીંદુ લોક તે પાણીમાં નહાવાનો એવો ફાયદો સમજે છે કે, અમારાં તમામ પાપ ત્રીવેણીમાં ધોવાઇ ગયાં.

એવા એતકાદથી હીંદુ લોક મજકુર તીરથને ઘણોજ પવિત્ર અને ઉત્તમ લેખે છે. અને એવી રીતે હીંદુ લોક પોતાના વાસ્તે પરમેશ્વર તરફથી એક બક્ષીસ સમજી બેઠા છે. પણ ત્રીવેણીનો પ્રવાહ એટલે ત્રણ નદીનું પાણી હમેશાં એવું ફલદાયક રહેતું નથી, પણ કોઇકવખત કર્મસંજોગે એવો વખત તેમને હાથ આવે છે.

હજનો મરતબો તમામ મુસલમાનમાં ઘણું બુઝરગ અને આલા લેખાય છે. મુસલમાનોને હજ કરવું વાજબ અને લાજમ છે. એવું ઘણેક ઠેકાણે કુરાનમાં પણ લખેલું છે. તેથી કેટલાક મુસલમાન ઘણી લાંબી મુસાફરી કરી મુસીબતો ખેંચીને હજ કરવા મક્કે જાય છે. એવી મોટી મુસાફરીમાં લાખો મુસલમાન આગબોટમાં, વાહણમાં, રેલવેમાં અને ખુશકીના રસ્તે મુસાફરી કરી દરવેશી, ફકીરી લેબાશમાં ઘણી તકલીફ ખેંચી હજ કરવાને વાસ્તે મક્કે

જાય છે. એવી દુરદરાજ મુસાફરી કરવામાં કેટલાક લોકની જીંદગાની ખલાસ થાય છે, એટલે રસ્તામાં મરી જાય છે. અને વળી પાછો પોતાનું ઘર અથવા કુટુંબના દિદારથી બેનસીબે રહી જાય છે.

એવી દુઃખની મુસાફરી હોવા છતાં, મુસલમાન કોમ હજ કરવા પોતાની ઉપર વાજબ અને લાજમ સમજે છે. તેનું મકસુદ આ સમજે છે કે હજ કરવાથી અમારા કુલ્લેકના તથા પાપ બળી જાય છે અને અમો પાક તથા સાફ થઇએ છીએ. તેથી હજનો સાધન મુસલમાન કોમ પોતાના વાસ્તે ખુદાવંદ તાઅલા તરફથી બક્ષીસ સમજે છે. તે પણ ફકત દર એક સાલ એટલે બાર મહીના પુરા થાય ત્યારે એક દીવસ મુસલમાનોને મળે છે.

હીંદુ અને મુસલમાન કોમને દુનીઆની અંદર ખુદાવંદ તાઅલા તરફથી પોતાના પાપને નાશ કરવાને વાસ્તે જુદી જુદી તરેહનો સાધન મળેલો છે. એટલે હીંદુ કોમના માટે ત્રીવેણી તથા મુસલમાનને માટે હજ તે પણ કર્મસંજોગે તેઓને તે તક હાથ આવે છે. પણ શુકર અલહમદોલ્લીલાહ કે ઈસમાઇલી સતપંથી દીનદારને વાસ્તે

માનવંતા પીર સદરદીન સતપંથ ધરમની અંદર હમેશાં, હરરોજ, હરસાઅત, હરવખત, હરદમ, હરપળ ત્રીવેણી અને હજથી પણ વધારે ઉત્તમ સાધન હમેશાં હાઝર અને નાજર તેમ નજદીક કરી આપ્યો છે ગીનાનમાં છે કે.

" નુર નહિ દેખાડીઆ જેણે, દુર કરી જાણ્યા,
તેના કાજ ન સીધા કોઈ "

મતલબ કે સતપંથ ધરમનો ફાયદો અમો તમોને તમામ નજદીક કરી આપ્યો છે પણ જે શખસ નજદીક કરે નથી સમજતા. તે શખસને સતપંથ ધર્મનો ફાયદો કયારે પણ હાંસલ નહિ થાસે.

આપણા સતપંથ ધર્મની અંદર હજ અને ત્રીવેણીના ફાયદાથી વધારે મરતબાનો મોકકો આપણે ઇસમાઇલી મુરીદને મળેલો છે. અને તમામ સારા સંજોગ મોજુદ છે તેનું વર્ણન.

હઝરત મોલાના ધણી સલામત આગાઅલીશાહ દાતારના ફરમાન મુબારકમાં છે કે જે કોઇ શખસ મક્કામાં જઇ એક હજાર હજ કરે અને એક વખત કરબલાની

ઝીયારત કરે. તો તે શખશને એક ઝીયારતનો હજાર હજ જેટલો ફાયદો છે.

અને વળી જે કોઇ શખસ એક હજાર ઝીયારત કર બલાની કરે અને એક વખત દરખાનું યાને હાજર ઈમામની કદમબોસી કરે તો તે શખસને એક વખત દરખાનાનો હજાર ઝીયારત કરબયા જેટલો ફાયદો છે. તેમ જે કોઇ શખસ હજાર દરખાના કરે અને એક વખત એતકાદથી જમાતખાનામાં આવે તો તે શખસને એક વખત જમાતખાનામાં આવ્યાથી હજાર દરખાના જેટલો ફાયદો છે.

ગીનાનમાં પીરે ફરમાવ્યું છે કે.

" અમ સામી ચાલી આવે એકજ મન
તેને દગલે દગલે અનંત જગનનું પુન "

મતલબ કે અમારા સામે જે કોઇ શખસ એક કદમ ચાલીને આવશે તે શખસને કદમ દર કદમમાં બેસુમાર જગનનો લાભ હાંસલ થાશે. પીરમાબાપ ગટપાટની દુઆમાં ફરમાવે છે.

" ગુરગત ગંગા મોહ અમીજલ ભરચા,

તીઆં નીરીંજન સાહેબજીકા વાસા;
સુગરા હોવે સો ભરભર પીવે,
નુગરા જાવે પીયાસા. ”

મતલબ યાને ગુરગતગંગા તે જમાતખાનુ છે. તેમાં ચાર કળા (સત્તા) ખુદાવંદ તઆલાની તરફથી રાખેલી છે. તેમાં ધણી અને પીર હમેશાં હાજર નાજર છે. માટે ગત, જમાત તે ગંગાના તીરથસમાન છે. તેમાં નુરનું પાણી હમેશાં ભરપુર જારી છે. તે જે કોઇ સુગરા યાને જેનો એતકાદ પોતાના હાજર ઇમામ ઉપર પુરો છે તે લોક હમેશાં નુરનો પાણી (ગીનાન, એયમ) હાજર ઇમામના સનાઅતથી મોહબતરૂપી રસનો સ્વાદ જોશ કરીને પોતાને ગુનાહથી (પાપથી) પાક અને સાફ કરે છે. પણ જે કોઈ નુગરા છે. જે શખસનો એતકાદ પોતાના હાજર ઈમામ ઉપર નથી. તેવા શખસ નીરાશ યાને નાઉમેદથી પાછા જાય છે. યાને ગત જમાતમાં પોતાના પાપ બક્ષાવતા નથી, ને પોતાના પાપનો પસ્તાવો નથી કરતા માટે પીર ગીનાનમાં ફરમાવે છે.

" ત્રીવેણી સંસારમાં જીવતાં, કંપે કાંય શરીર. "
મતલબ યાને તમારા વાસ્તે ત્રીવેણી આ દુનિયાની અંદર હમેશાં જાહેર કરી આપી છે. માટે તમો પોતાના ધર્મ-રૂપી ત્રીવેણીની અંદર નહાવાને શું કામ ડડરો છો. યાને પોતાના ગુનાહ પાપોની તોબા કરીને પોતાને પાક અને સાફ કરવામાં શું કામ (હીજાબ) બીક રાખો છો. જેવી રીતે હિંદુ લોક ત્રીવેણી અને મુસલમાન લોકો હજ પોં-તાના ઉપર ફરજ સમજી મેહેનત ખેંચીને ત્યાં જવાને પોતાના ઉપર વાજબ સમજે છે. તેજ પ્રમાણે આપણે લોક પણ હમેશાં ફરજ સમજીને પોતાના મુરસીદની દર-ગાહ યાને જમાતખાનેમેં જાવાને ચાલુ રાખશું અને પોતાના ગુનાહની તોબા કરીને માફી માગશું તો કીયામ-તના દીવસે તે ગુનાહ આપણુને પુછવામાં નહિ આવશે. તેના બારામાં પીર શીનાનમાં ફરમાવે છે.

" તીમ ધર્મને હસતી પાપ સોઇ ગત ઉતારે,
ગતકા વચન સો નુરજી માનેતેહ માહધનમાં નહિ પુછાએ."

માટે હમણા જેવો વખત, ગનીમતનો આપણુને મ-ળેલો છે યાને મનખાજનમ સતપંથ ધર્મ, ઉત્તમ મુર-

સીદ એવા ઉત્તમ સંજોગથી હિંમતના હથીયારથી કરી સતપંથ ધર્મનો લાભ હાંસલ થઇ શકશે. અને ત્રીવેણી અને હજના ફાયદા કરતાં પણ વધારે ફાયદો આપણે ઇસમાઇલીના વાસ્તે મોજુદ છે, તે ખાત્રી પણ થાશે.

સમાપ્ત.